| |
|---|
| **ઝઘડીયાના મે.એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ઝઘડીયા. જિલ્લો ભરૂચ** |

**<u>ક્રિમીનલ કેસ નં.૨૮૪૪/૨૦૨૪</u>**

**આંક–**

**::ફોર્મ–એ::**

| | |
|---|---|
| **એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ.ઝઘડીયા, જિલ્લો ભરૂચ**<br>હુકમની તારીખ:–૦૩/૦૬/૨૦૨૬<br>**ક્રિમીનલ કેસ નં.૩૫૧૯/૨૦૨૪** | |
| **પોલીસ સ્ટેશન** | ઝઘડીયા પો.સ્ટે. તા.ઝગડીયા, જી.ભરૂચ |
| **ગુન્હો** | ભારતીય દંડ સહિતાની કલમ ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી તરફે** | વિ.એ.પી.પી.શ્રી એ.સી.સોલંકી |

**–:: વિરૂધ્ધ ::–**

| | |
|---|---|
| **આરોપી** | (૧) કુંદનભાઈ સન્મુખભાઈ ઠાકોર,<br>(૨) અજયભાઈ સન્મુખભાઈ ઠાકોર,<br>(૩) હરેશ ઉર્ફે ઝીણો કનુભાઈ ઠાકોર,<br>(૪) વિષ્ણુભાઈ દિનેશભાઈ ઠાકોર,<br>(૫) ગીરીશભાઈ ઉર્ફે ગીરો ધનસુખભાઈ ઠાકોર,<br>(૬) ભરતભાઈ ઉર્ફે ચચુ દિલીપભાઈ કંબોઈયા,<br>(૭) મિતેશભાઈ ઉર્ફે મિત જગદીશભાઈ ઠાકોર,<br>(૮) દિપક ઉર્ફે દિપો મનહરભાઈ ઠાકોર,<br>તમામ રહે. ગોવાલી,તા.ઝઘડીયા,જી.ભરૂચ. |
| **આરોપી તરફે** | વિ.વકીલશ્રી–એમ.એફ.મન્સુરી |

**::ફોર્મ–બી::**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૨૯/૦૨/૨૦૨૪ |
| એફ.આઈ.આરની તારીખ | તા.૦૧/૦૩/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ થયાની તારીખ | તા.૨૬/૦૬/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | તા.૨૫/૦૩/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૧૧/૦૫/૨૦૨૬ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૦૩/૦૬/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૦૩/૦૬/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | – |

**::આરોપી ની વિગત::**

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૮) |
| આરોપીનુ નામ | (૧) કુંદનભાઈ સન્મુખભાઈ ઠાકોર,<br>(૨) અજયભાઈ સન્મુખભાઈ ઠાકોર,<br>(૩) હરેશ ઉર્ફે ઝીણો કનુભાઈ ઠાકોર,<br>(૪) વિષ્ણુભાઈ દિનેશભાઈ ઠાકોર,<br>(૫) ગીરીશભાઈ ઉર્ફે ગીરો ધનસુખભાઈ ઠાકોર,<br>(૬) ભરતભાઈ ઉર્ફે ચચુ દિલીપભાઈ કંબોઈયા,<br>(૭) મિતેશભાઈ ઉર્ફે મિત જગદીશભાઈ ઠાકોર,<br>(૮) દિપક ઉર્ફે દિપો મનહરભાઈ ઠાકોર, |
| ધરપકડ કર્યા તારીખ | – |
| જામીન મુકત કર્યા તારીખ | – |
| કયો ગુન્હો નોધાયેલ | ભારતીય દંડ સહિતાની કલમ ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગત | – |

| | |
|---|---|
| ક્રિ.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમા રહેલ સમય | – |

**::ફોર્મ સી::**

**<u>એ–ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી</u>**

| ક્રમ. | સાહેદનુ નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | હરેશભાઈ મગનભાઈની જુબાની | ફરીયાદી | ૧૪ |

**બી– આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલ નથી.**
**સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલ નથી.**

**<u>એ– ફરીયાદપક્ષ ઘ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી</u>**

| ક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૫ | ફરીયાદ |
| ૨. | ૧૬ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩. | ૧૭,૧૮ | આરોપીની શરીર સ્થિતિનુ પંચનામું |
| ૪. | ૧૯ | કલોજીંગ પુરસીસ |

**બી– બચાવપક્ષ ઘ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**
**સી– અદાલત ઘ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**
**ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન:– નથી.**

**// <u>ચૂ કા દો</u> //**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીને માથાના ભાગે તથા જમણા ખભાના પાછળના ભાગે તથા હાથમા લાકડી કે કોઈ અન્ય હથીયારથી માર મારી ઈજા કરી જાહેરનામાનો ભંગ કરી, આરોપીએ ઈ.પી.કો.કલમ : ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ નો ગુનો કરી જેની ફરિયાદ ફરિયાદીએ આપતા આ કામે તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામાઓ કરી તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા સદરહુ કામે આરોપીઓ સામે ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામ.કોર્ટ તરફથી આરોપી વિરુધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીઓને સમન્સ બજી ગયેલ હોય આરોપીઓ નામ.કોર્ટમાં હાજર થયેલ છે. આ કામે આરોપીને પોલીસ તપાસના કાગળોની તમામ નકલો ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ તહોમતનામુ ફરમાવી ઉપરોકત ગુનાના કામે પ્લી લેતાં આરોપીઓને સદરહુ ગુનો કબુલ ન હોવાનું જણાવતા, જેથી સદરહુ કામ ફરિયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદ, આ કામે ક્રીમી.પ્રોસી.કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ ન આવતા વિશેષ નિવેદન નોધવામા આવેલ નથી.

(૪) ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) બચાવ પક્ષ તરફે વિધ્વાન વકીલશ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહુ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:::-- મુદ્દા --:::**

**<u>મુદ્દા નં.૧</u>** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીને માથાના ભાગે તથા જમણા ખભાના પાછળના ભાગે તથા હાથમા લાકડી કે કોઈ અન્ય હથીયારથી માર મારી ઈજા કરી જાહેરનામાનો ભંગ કરી, આરોપીએ ઈ.પી.કો.કલમ : ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટ-૧૩૫ મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**<u>મુદ્દા નં.૨.</u>** શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે. :

(૧) નકારમાં,
(૨) આખરી હુકમ મુજબ.

**<u>// કા ર ણો અને ચ ર્ચા //</u>**

**<u>મુદ્દા નં.૧ અને ૨ અંગે :-</u>**

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયંલા હોવાથી હકીકતોનુ પુનરાવર્તન ન થાય અને સરળતા રહે તે હેતુ થી બને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામા આવેલ છે.

(૭.૧) સદરહુ કામે આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ : ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો કર્યા અંગેનુ તહોમત છે. ફરીયાદપક્ષે પોતાના પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે.

(૭.૨) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૮ થી ફરીયાદી સવીલાલ ભગાભાઈની જુબાની નોધવામા આવેલ છે. જેમા તેઓએ બનાવમા આરોપીઓ સાથે બોલાચાલી થયેલ અને તેઓ બાઈક ઉપરથી પડી ગયેલ અને બોલાચાલી સિવાય બીજુ કાઈ બનેલ નહી તેવી હકીકત જણાવેલ છે. આમ, સદરહુ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ ન હોય ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ જાહેર કરી તેઓની વિગતવારની ઉલટતપાસ કરવામા આવેલ છે. પરંતુ તેઓની ઉલટતપાસમાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ નીવડે તેવી કોઈ હકીકત મળી આવેલ નથી. વધુમા સદર સાહેદે તેઓની ઉલટતપાસમા તેઓને સ્કુટર પરથી પડી જવાથી ઈજા થયેલ તેમજ આરોપીઓએ કોઈ ઝઘડો કરેલ હોય કે ગાળાગાળી કરેલ હોય કે ગાડીને નુકશાન કરેલ હોય કે કોઈને ધમકી આપેલ હોય અને હથીયારો વડે તેઓને માર મારેલ હોય તેવુ કાઈ બનેલ નથી તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ,ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ નીવડે તેવી કોઈ જ હકીકત તેમના પુરાવામા જણાવેલ નથી. આમ, સ્વયં ફરીયાદીએ તેઓના સમગ્ર પુરાવામા આ કામના આરોપીને આરોપ સાથે સાંકળી શકે તેવી લેશમાત્ર હકીકતો જણાવેલ નથી. જેથી જયારે ફરીયાદી જ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોવાથી તેઓના પુરાવાનુ કોઈ વિશેષ સમર્થનીય મુલ્ય જણાઈ આવતુ

નથી.

(૮) આમ, ફરીયાદપક્ષે રજુ તમામ પુરાવાનુ સમગ્રપણે મુલ્યાંકન કરવામા આવે તો આ કામના ફરીયાદીએ જ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.આરોપીપક્ષે નિખાલસપણે ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ તથા આરોપીની શરીર સ્થિતિનુ પંચનામુ કબુલ રાખતા તે રેકર્ડ પર તો આવેલા છે. વધુમા આ કામે ફરીયાદીને ઈજા થઈ હોય તેની કોઈ સારવાર કરાવવમા આવી હોય તેવા કોઈ સારવાર સર્ટીફિકેટ પણ આ કામે રજુ નથી કે ચાર્જશીટ સાથે સામેલ નથી. ચાર્જશીટમાં કોઈ મેડીકલ ઓફીસરને સાહેદ તરીકે દર્શાવેલા નથી. પરંતુ સદર પંચનામા રેકર્ડ પર આવવા છતા એ હકીકત પુરવાર થતી નથી કે ફરીયાદ મુજબનો જ બનાવ બનવા પામેલ. ફરીયાદી જાતે જ એવુ જણાવે છે કે, સામાન્ય બોલાચાલી થયેલ તે સંજોગોમાં તપાસ કરનાર અમલદારને તપાસવાનો કોઈ અર્થ રહેતો નથી. આમ, ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષના પુરાવાઓનુ મુલ્યાંકન આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમત પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આવા સંજોગોમાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. ઉપરોકત તમામ ચર્ચા મુજબ મુદા નં.(૧) નો જવાબ ''નકાર'' માં આપી મુદા નં. (૨) પરત્વે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## / / <u>આખરી હુકમ</u> / /

(૧) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ: ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પ્રત્યેક આરોપીએ ક્રિ.પ્રો.કો.ક.૪૩૭(એ) મુજબના રૂ.૫૦૦૦/−ના જામીન અપીલ પીરીયડ સુધીના આપવાનો હુકમ આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૩/૦૬/૨૦૨૬
સ્થળ : ઝગડીયા.

**(ઈ.આર.ક્ષત્રિય)**
એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ઝગડીયા.
**યુનીક જજ કોડ – જી.જે.૦૧૧૯૭**